# પાલનપુર સિવિલની બ્લડ બૅંક ચાર માસથી બંધ

પાલનપુર, તા. ૪

બનાસકાંઠાના પાલનપુર ખાતે આવેલ જિલ્લાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ મોટા ભાગની સુવિધાઓથી વંચીત છે. તબીબોની ભારે ઘટ છે. પારાવાર ગંદકીના કારણે દર્દીઓ તથા સ્ટાફના માણસો પણ હાલાકી ભોગવી રહ્યા છે. તેમજ છેલ્લા ચાર માસથી સિવિલની બ્લડબેંક બંધ છે. આથી અંતરીયાળ વિસ્તારમાંથી આવતા દર્દીઓની હાલત ભારે કફોડી બની છે. પરિણામે દર્દીઓએ આ મામલે તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કરી પાલનપુર સિવિલ હોસ્પિટલને સુવિધાયુક્ત બનાવવા માંગણી કરી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે સ્થિત જિલ્લાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં જિલ્લાભરમાંથી તથા જિલ્લા બહારથી ગ્રામીણ વિસ્તારોના દર્દીઓ મોટા પ્રમાણમાં સારવાર અર્થે અહી આવે છે. જ્યાં મોટા ભાગની સુવિધાઓ હજુ સુધી પણ નથી. તથા તબીબો અને સ્ટાફ પણ ઓછો હોવાથી દર્દીઓ અને સ્ટાફના માણસોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ઉપરાંત છેલ્લા ચાર માસથી સિવિલ હોસ્પિટલમાં આવેલ બ્લડ બેંકને તાળા મારી બંધ કરી દેવાયા. ઈમરજન્સી કેસોમાં રક્તની જરૂર પડતા દર્દીઓના સગાઓને બહારથી બ્લડ લાવવા ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. જ્યારે લોહી ન મળતા દર્દીઓને રીફર કરાવાય છે. છતા પણ આરોગ્ય વિભાગ અને સિવિલ સત્તાવાળાઓનું પેટનું પાણી પણ હલતું નથી અને દર્દીઓની સમસ્યાનો અંત આવતો નથી ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર તાત્કાલિક પગલા ભરી યોગ્ય કાર્યવાહી કરે તેમ સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

# બનાસકાંઠાના ધાનેરાને કોલેરાગ્રસ્ત જાહેર કરતું તંત્ર : દૂષિત પાણીના લીધે મૃતાંક પાંચ પર પહોંચ્યો

પાલનપુર, તા. ૪

બનાસકાંઠાના સરહદી ધાનેરામાં છેલ્લા એક સપ્તાહથી દુષિત પાણીના લીધે પ્રજાજનો ઝાડા-ઉલ્ટીના શિકાર બનનારાનો આંકડો ૭૦૦ નજીક છે. મૃતાંક પાંચ પહોંચ્યો છે. ત્યારે આજે કલેક્ટર જે.બી. વોરાએ ધાનેરા સહીત આજુબાજુના નવેક ગામોને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યો છે.

પાલનપુર કલેક્ટર કચેરી ખાતે પત્રકારોને કલેક્ટર વોરાએ જણાવેલ કે ધાનેરામા દૂષિત પાણીને લીધે ઝાડા-ઉલ્ટીનો રોગચાળો ફેલાતા અનેક લોકો તેનો શિકાર બન્યાછે. મૃત્યુ પણ થયા છે ત્યારે તંત્ર- પ્રજા જાગૃત રહે તે માટે કોલેરાગ્રસ્ત જાહેર કરાયેલ છે.

પ્રજાજનોને પીવાનું પાણી ઉકાળીને ઉપયોગમાં લેવા અને સફાઈ રાખવા પણ તાકીદ કરાઈ છે. ધાનેરા વિસ્તારમાં સીપુ ડેમમાંથી પાણી અપાય છે તે બંધ કરી જુદા જુદા બોરમાંથી સપ્લાય ચાલુ છે. આ અંગેના અખબારી અહેવાલો અને ટી.વી. ન્યુઝ ચેનલોના સમાચારો બાદ ગત રોજ તા. ૩-૭-૧૨ના રોજ આરોગ્યમંત્રી પરબત પટેલે ધાનેરાની મુલાકાત લીધી હતી અને આ રોગના મુખમાં ધકેલાયી જનારના પરિવારજનોની મુલાકાત દરમ્યાન પત્રકારો સામે લાલઘૂમ થયા હતા. જ્યારે સ્થાનિક નગરપાલિકાના શાસકો સામે સફાઈ અંગે અને પીવાના શુદ્ધ પાણી અંગે કોઈ જ ટીપ્પણી કરી નહોતી.

આ અંગે આજે કલેક્ટર વોરાએ ગાંધીનગર સમાચારના પ્રતિનિધિ હરેશ જી. જોષી સાથે ટેલીફોનીક વાતચીત અંગે ધાનેરા સહિત આજુબાજુના ગામો જેવા કે માલોત્રા, પોતવાડા, ફતેપુરા, સામઆડા, સાંકળ, થાપર, તરાલ, ધાખા, રવિયા સહિતના ગામોને કોલેરાગ્રસ્ત જાહેર કરાયાછે. પ્રજાજનો પીવાનું પાણી શુદ્ધિકરણ કરીને વાપરે અને સફાઈ માટે તાકીદ કરાઈ છે. આરોગ્ય વિભા સર્વે બાદ શુદ્ધિકરણ પાણી અને નગરપાલિકા દ્વારા સફાઈ હાથ ધરી ચોખ્ખાઈ રાખવા કડક સૂચના અપાઈ છે. વધુ તબીબી ટીમોને કામે લગાડવામાં આવી છે.



(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના મામલતદાર વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા બુધવારના રોજ મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારી આર.આર. ઠક્કરના અધ્યક્ષ સ્થાને તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. નિવૃત્ત થતા મામલતદાર પી.એમ. પ્રજાપતિને મામલતદાર કચેરીના સ્ટાફ-વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો તથા અન્ય આગેવાનો દ્વારા ફૂલહાર, શાલ તથા મોમેન્ટો આપી સન્માન કરી ભાવભીની વિદાય આપવામાં આવી હતી. ખેડબ્રહ્મા મામલતદાર તરીકે ટુંકા સમયના ફરજકાળ દરમિયાનની કામગીરીને બિરદાવી નિવૃત્તિકાળ સુખમય રીતે પસાર થાય તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ મામલતદાર પી.કે. પટેલ, ગીરધરલાલ પટેલ એન. કે. શ્રીમાળી, હર્ષ પરમાર, ચીફ ઓફિસર દર્શનસિંહ ચાવડા, પ્રવિણસિંહ દેવડા અને જિજ્ઞેશ જોષી સહિત કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર સમારંભનું સંચાલન જગદીશ ભટ્ટે કર્યું હતું.

# કાણોદર ગામની પરિણીત મહિલાનું અપહરણ પોલીસમાં જાણ છતાં ૫ દિવસથી કોઈ પત્તો નથી

પાલનપુર, તા. ૪

પાલનપુરથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલ કાણોદર ગામ જિલ્લાના શિક્ષિત ગામો પૈકીનું એક ગામ છે. સુખી-સમૃદ્ધ અને શિક્ષિત. ગામની ત્રણ બાળકોની માતાને ગામના અંદરથી સ્કોર્પીયો અને સ્વીફ્ટમાં આવેલા અપહરણકારો બીન્દાસ્ત આવીને પરણીતાને ઉપાડીને અપહરણ કરીને ચાલ્યા ગયા છે. પતીએ કામ પરથી પરત ફરીને જાણ થતાં પરીવારજનોએ પાલનપુર તાલુકા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છતાં પાંચ દિવસથી પત્નીની કોઈ ભાળ ન મળતાં પરીવારજનોએ ગતરોજ જિલ્લા પોલીસવડાને રજૂઆત કરી હતી.

પાલનપુર તાલુકાના કાણોદર ગામે આવેલ સાહીબપાર્કમાં રહેતા મુર્તુજાઅલી મામજીભાઈ ઉમતીયા ઉં.વ. ૩૭ જેઓ વેપાર કરે છે. જ્યારે તેમની પત્ની સહેનાઝબેન તથા બાળકો ઘરે હતા. હું ધંધા પરથી ઘરે આવીને પરત કામ અર્થે બહાર ગામમાં ગયો હતો. ત્યારે રાત્રીના પોણા નવવાગે મારા મોહલ્લામાંથી મને સમાચાર મળેલા કે તમારી પત્ની શહેનાઝબેનને એક સ્કોર્પીયો તથા મારૂતિ સ્વીફ્ટ ગાડીવાળા ઘરેથી ઉપાડીને લઈ ગયેલા. મે મોહલ્લાવાળાઓને ગાડીઓના નંબર પૂછતાં તેમણે જણાવેલ કે અંધારાના કારણે નંબર જોયેલો નથી. આસપાસ તપાસ કરતાં ગાડીઓ કે મારી પત્નીનો કોઈ પત્તો મળેલ નથી. ત્યારે મારા ભાઈ મહેંદીહુસેન સાથે પાલનપુર તાલુકા પોલીસમથકે આવતો હતો ત્યારે મારા મોબાઈલ પર મુખ્તાર હુસેન ગબ્બર હુસેન જૈદી તથા ઈનાયતખાન ઝૈદી, મુર્તુઝાભાઈ ઝૈદી ઉર્ફે અકડું આ ત્રણે ઈસમોએ વારા ફરતી મારા ફોન ઉપર મને ધમકાવતા જણાવેલ કે તારી પત્ની શહેનાજનું અપહરણ અમો કરીને લઈ ગયા છીએ. તેને અમે રાજસ્થાનના આબુરોડ ખાતે રાખેલ છે. તમે પૈસા આપી જાવ અને તારી પત્નીને લઈજા. બનાવ ૨૯-૬-૨૦૧૨ના રાત્રીના પોણા નવ કલાકે બન્યો હતો. ફરીયાદ ૩૦-૬-૧૨ના રોજ લખાવેલ છે. આજે ૬ દિવસનો સમય થવા છતાં મારી પત્નીનો કોઈ પત્તો નથી. મારા બાળકોમા વિના રઝળપાટ કરી રહ્યા છે. જ્યારે પરીવારજનોએ ગતરોજ જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવને પત્નીને શોધવા રજુઆત કરી હતી.

## સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળની ૨૦૧૨-૧૩ની કારોબારીની વરણી કરવામાં આવેલ છે. જેમાં નીચેના હોદ્દેદારોની વરણી થઈ છે.

પ્રમુખ અરૂણકુમાર પરીખ, ઉપ-પ્રમુખ અમૃતભાઈ પરમાર, નટવરભાઈ મેસરીયા, મંત્રી શૈલેશભાઈ ડી. પરમાર, ખજાનચી શૈલેશભાઈ પી. પરમાર, સહમંત્રી વસંતભાઈ પરમાર અને પ્રવિણભાઈ રાઠોડ, આંતરિક ઓડિટર કાર્તિકભાઈ શાહ, કારોબારી સભ્યશ્રીઓ, પ્રજ્ઞેશ મેસરીયા, મનુભાઈ રાઠોડ, કિરણભાઈ પરમાર, સલાહકાર સભ્યશ્રીઓ પુરૂષોત્તમભાઈ ચૌહાણ, ગોવિંદભાઈ પરમાર, કાનડીયા, ખેમજીભાઈ પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

## ગીયોડ સેવા સહકારી મંડળીના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકાના ગીયોડ ગામે ગીયોડ સેવા સહકારી મંડળીની સને ૨૦૧૧-૧૨ની વાર્ષિક સાધારણ સભા તા. ૩૦-૬-૧૨ના રોજ યોજવામાં આવી હતી. અને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે સર્વ સંમતીથી ચેરમેન તરીકે પટેલ રમેશભાઈ બેચરભાઈ તથા વાઈસ ચેરમેન તરીકે ઠાકોર સુરસંગજી ફતાજીની વરણી કરવામાં આવેલ છે.

## શબ્દાંકનના ૧૧મા વર્ષની ઉજવણીમાં શબ્દમેઘનો વરસાદ

ગાંધીનગર, તા.૪

'શબ્દાંકન'ની ૧૧માં વર્ષની પ્રથમ મેઘ મોસમ ખીલવવાની શબ્દ કૃતિ બેઠક તાજેતરમાં વડોદરામાં મળી હતી. બનાસકાંઠામાં રૈયાના મયુર સુથારની 'વાર્તા સૃષ્ટિ' લેખની રજૂઆત વિક્રમ ખિડકીકરે કરી હતી. સંસ્થા સંચાલક મનીષ જોશીએ મૌન એ ઋતુઓની મહારાણી, વર્ષારાણીને તાદશ્ય કર્યા બાદ દિપ્તી જોશીએ 'પ્રતિક્ષા' કરાવી હતી. એ સંમયે જ બ્રિજેશ પંચાલની વરસાદ સાથે મુલાકાત થતાં નિતીન પટેલ વરસાદની વાતો રજૂ કરી હતી. તેથી જગદીશ ધનેશ્વરે મેઘધનુષ્ય રચી દીધું હતું. બેઠક દ્વિતીય હપ્તામાં યોજાઈ હતી. જેમાં દીપેન્દ્ર હાન્ડે, કિનીકસ હાન્ડે, ડૉ. હસમુખ શાહ રજૂઆતો કરી હતી. ૫ મી ઓગસ્ટે વિવેકાનંદજીના વિચારોની અભિયાનમાં જોડાવા મનીષ જોશી (૯૯૨૫૬ ૨૮૪૯૮)નો સંપર્ક કરવો.

## પ્રાંતિજના ગોંદરે વિસામાનું લોકાર્પણ

પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજ સેવા મંડળ અને પ્રાંતિજના અગ્રણી ગોકુલભાઈ કહાર પ્રાંતિજ કહાર સમાજના સહયોગથી વિસામો ઓટલો બનાવવામાં આવ્યો હતો. જેને ગામને અર્પણ કરવામાં આવ્યો. પ્રાંતિજ ગામના ગોંદરે જ્યાં પ્રાંતિજ શહેર તથા આજુબાજુના ગામની કોઈ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે વિસામો આપવામાં આવે છે. નનામીને વિધી પૂર્વક ફેરવીને સ્મશાનમાં લઈ જવામાં આવે છે.

વિસામાનો ઓટલો બનાવતાં મૃતાત્માને સન્માન જળવાય, મર્યાદા જળવાશે. પીવાના પાણીની પણ સગવડ કરેલ છે. પો.સ.ઈ. કહાર, નાયબ મામલતદાર, બકુલેશ દરજી, સતિશભાઈ પંડયા, પૂર્વ પ્રમુખ સુંદરબેન કહારે હાજરી આપી હતી. ૧૬૫ મૃતાત્માના અસ્થિ બેંકમાંથી અલ્હાબાદ વિસર્જન કરાયુંહતું. સફળ આયોજન લીલાબેન કહાર, યશપાલ કહાર, વિનોદ કહારે કરેલ હતું.

# સિદ્ધપુરમાં વરિયાળી પ્રોસેસ કરતા એકમ પર ખોરાક અને ઔષધ નિયમન તંત્રનો દરોડો

સિદ્ધપુર, તા. ૪

કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળેલી બાતમીના આધારે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓએ તાજેતરમાં સિદ્ધપુર ખાતે વરિયાળી પ્રોસેસ કરતા એકમ પર રેડ પાડી હતી. જેમાં વરિયાળી ઉપર અખાધ્ય કલરનું પડ લગાવીને વરિયાળી તૈયાર કરતા ગોડાઉનમાંથી ૧૦,૭૪૦ કિ.ગ્રા. વરિયાળી જપ્ત કરી હતી.

સિદ્ધપુર ખાતે વરિયાળી પ્રોસેસ કરતા એકમ પર ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ દરોડો પાડ્યો હતો. સંજય સોમાભાઈ પટેલ નામનો શખ્સ સત્પાલ ફેક્ટરી, તાવડિયા ચાર રસ્તા, સિદ્ધપુર, પાટણ ખાતે એક ગોડાઉન ભાડે રાખીને જૂની વરિયાળીના ઉપર અખાધ્ય કલરનું પડ ચલાવીને નવી વરિયાળી તરીકે પ્રોસેસ કરતો હતો.જેના ગોડાઉનમાંથી તંત્રના અધિકારીઓએ કુલ ૧૦૭૪૦ કિ.ગ્રા. કલર કરેલી વરિયાળી જપ્ત કરી હતી. તથા બે જુદી જુદી બ્રાન્ડની વરિયાળીના નમૂના અને એક કલરનો નમૂનો એમ કુલ ૩ નમૂના લીધા છે જે માલની કુલ ૪૮૩૦૦ કિંમત થવા જાય છે.

ફુડ સેફઅટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ નીચે આ રીતે વરિયાળી ઉપર કલર કરવો તે માન્ય નથી અને આ કાયદાની જોગવાઈઓ મુજબ આ પ્રકારનો માલ માનવ સ્વાસ્થ્યને નુકસાનકારક હોઈ તેમાં છ વર્ષ સુધીની સજા તથા પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રે આ દરોડા દ્વારા ભેળસેળીયા તત્વો અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારા સામે કડક કાર્યવાહી કરી છે.

# માણસાની પ્રભાત સેલ્સ હાર્ડવેરની દુકાનમાં ચોરી

માણસા, તા. ૪

માણસા-ગાંધીનગર હાઈ-વે પાસે આવેલા પોશ વિસ્તારની એક હાર્ડવેરની દુકાનને તસ્કરોએ નિશાન બનાવી હતી અને દુકાનના તાળા તોડી અંદર પ્રવેશી તેની અંદરનો તમામ સામાન ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જે દુકાન માલિકની ફરિયાદના આધારે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માણસા-ગાંધીનગર હાઈ-વે પાસે આવેલા પોશ વિસ્તારના જકાતનાકા ચાર રસ્તા પર આવેલી પ્રભાત સેલ્સ નામની હાર્ડવેરની દુકાનને ગત મધ્યરાત્રિએ કેટલાક તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને કોઈ હથિયાર વડે દુકાનના તાળા કાપી અંદર પ્રવેશ કર્યો હતો. તથા દુકાનમાં રહેલો તમામ હાર્ડવેરનો સામાન તથા ૬૦ કિલો ફેવિકોલ ચોરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગેની જાણ દુકાન માલિક કલ્પેશ પટેલને સવારે થતા તેઓએ તાત્કાલિક માણસા પોલીસમથકમાં જાણ કરી હતી. જેથી પોલીસે તાત્કાલિક ચોરી સ્થળે પહોંચી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



ગુરુપૂર્ણિમાના દિવસે અનેરો મહીમા યોજાય છે. કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે આવેલા પંચમૂખી હનુમાનદાદા દુગાવાડા ખાતે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે પીપળા પૂજનનો કાર્યક્રમ હનુમાન ભક્તશ્રી શ્યામગ્નરીબાબા દ્વારા યોજવામાં આવેલ. તેમાં રતનપુરા, ચેખલા, શિહોરી, રણાવાડાના ભાવિભક્તોએ આ ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસ લ્હાવો લીધો હતો. (તસવીર : રામજીભાઈ રાયગોર)

## રમણ માડી ધામ કૈયલમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો

કડી, તા. ૪

મહેસાણા જિલ્લાના રમણ માડી ધામ કૈયલ ખાતે ગુરુપૂર્ણિમા પાવન પ્રસંગે ધોરણ-૧૦, ધોરણ-૧૨, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ તથા યુ.પી.એસ.સી.માં ઉત્તીર્ણ થનાર યુવાનોના સન્માનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

કડી તાલુકાના કૈયલ ગામે શ્રી રમણ મેલડી ધામ ખાતે તાજેતરમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં ધોરણ-૧૦, ધોરણ-૧૨, સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષામાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓને સન્માનીત કરવામાં આવ્યા હતા. ખાસ તો યુ.પી.એસ.સી. ૨૦૧૨માં લેવાયેલી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઈન્દ્રજીત વાણીયા અને ડૉ. કરણરાજ વાઘેલાનું પૂજ્ય રમણ માડીએ આશીર્વચન આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે એ.બી. પરમાર, જયંતિલાલ પંચાલ, ચુનીલાલ પંચાલ, નલીન ઠક્કર, ગિરીશભાઈ રોહીત વગેરેએ ખાસ હાજરી આપી કાર્યક્રમને દીપાવ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની પ્રજાકીય કામગીરીમાં ઉદાસીનતા સામે રજૂઆત

## ડી.ડી.ઓ. જાતે ફાઈલો વાંચીને નિર્ણય લેવામાં અસમર્થ હોવાથી પી.એ. ગેરમાર્ગે દોરે છે

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની પ્રજાકીય કામગીરીમાં ઉદાસીનતા હોવાની વ્યાપક ફરિયાદો હાલ ઉઠવા પામી છે. જિલ્લા વિકાસ અધિકારી જાતે ફાઈલ વાંચીને કોઈ પણ નિર્ણય લેવામાં અસમર્થ હોવાથી પી.એ. ગેર માર્ગે દોરી લોકોના સાચા કામોમાં પણ ખોટા નિર્ણયો લેવાતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે. આથી સ્થાનિકોની વ્યાપક ફરિયાદોને લઈ એક સ્થાનિક પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી કાર્યાલય સમક્ષ રજુઆતો કરી હતી.

મળતી માહિતી અનુસાર પારદર્શક વહીવટ દ્વારા લોકોના કામો સરળતાથી થાય તે માટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ક્રાન્તિકારી પગલા લીધા છે, લઈ રહ્યા છે જે પ્રજા માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહ્યા છે. પરંતુ કયારેક કેટલાક ઉચ્ચ અધિકારીઓની પ્રજાલક્ષી કામો પ્રત્યેની ઉદાસીનતા તેમજ સાચા કામને પણ ઉંધા ચશ્માથી જોવાની વૃત્તિના કારણે ગ્રામ્ય પ્રજાને સહન કરવું પડતું હોય છે ત્યારે સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં પણ છેલ્લા બે વર્ષથી આવું જ બની રહ્યું છે જેમાં જિલ્લા વિકાસ અધિકારી સ્થાનિક પ્રજાજનોના સાચા કામ પ્રત્યે પણ ઉદાસીનતા દાખવી રહી છે. પરિણામે કેટલાક સાચા અરજદારો તેનો ભોગ બન્યા છે.

જિલ્લા વિકાસ અધિકારી અરજદારની જે તે કામની ફાઈલ જોઈ જાતે નિર્ણય લઈ શકતા નથી તેમના પી.એ.ને પુછીને તમામ નિર્ણય લે છે જેના કારણે મોટભાગના કામોમાં પી.એ. પોતાનો અંગત સ્વાર્થ સાધવા માટે ડી.ડી.ઓને ગેર માર્ગે દોરે છે તેમ સ્થાનિકો જણાવી રહ્યા છે. ઉપરાંત ડી.ડી.ઓના પી.એ. એ કેટલાક અરજદારના સાચા કામની ફાઈલ પણ ટલ્લે ચઢાવી દીધી છે. જેના કારણે અરજદારો ભારે મુશ્કેલીમાં મુકાયા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતા સાબરકાંઠાના એક સ્થાનિક પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રીના કાર્યાલય સમક્ષ પુરાવાઓ સાથે રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લો રાજકીય ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે. હાલ જિલ્લા પંચાયતની સત્તા ભાજપના હાથમાં છે ત્યારે જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો પણ લોકોના કામો પ્રત્યે દાખવવામાં આવતી ઉદાસીનતાનો ડી.ડી.ઓ. પાસે જવાબ માગે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601



ટચૂકડી જાહેર ખબર

વેચવાનો છે

એમ-૩૭/૪૩૩, સત્યમ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર.

સંપર્ક : ૨૬૬૦૪૩૨૯
૨૬૫૮૬૩૯૪



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન